**આપણું ભાગ્ય કોણ બનાવે?**

"આ તો ભાગ્યની વાત છે,""નસીબ પણ હોવું જોઈએને?""કદાચ મારાં જ નસીબ વાંકા છે. " મારાં ખ્યાલ મુજબ આ બધા નિવેદનોને આપણે હંમેશા સાંભળતા અથવા તો બોલતા રહીએ છીએ. પરંતુ આપે વિચાર કર્યો છે કે શું ખરેખર ભાગ્ય કોઈ બીજું બનાવે છે? જો પરમ પરમાત્મા જ તે બનાવે છે તો શા માટે આપણે તેને કોસતા રહીએ છીએ? એ જ પરમ કૃપાળુએ આપણને પાંચ તત્વોથી બનાવ્યા અને પાંચ ઇન્દ્રિયોના આશીર્વાદ આપ્યા. તો શું તે આપણને દુ:ખ પોંહચાડવા માટે જ આપ્યા હશે? કદાચ તમને પણ આ પ્રકારના વિચારો આવ્યા હશે અને માટે જ આ વિષય ઉપર લખવા માટે જરાક હું ઉત્સુક બની ગઈ. તો આજે આપણે થોડીક ભાગ્યની વાતો અને તેની યાત્રા કરી લઈએ. અને હા! તમારાં પ્રશ્નો હંમેશા આવકાર્ય છે અને તેનો ઉત્તર આપવાનો મારો પ્રયત્ન ચોક્કસ જ રહેશે.

**૧) હારતો માનવી ભાગ્યને કોસે.**

માનવીનું જીવન કેટલું સરળ છે કદાચ તેટલું જ સરળ જીવન પશુ-પંખીનું નથી. જે પાંચ ઇન્દ્રિયોના ઉપયોગથી આપણે આપણું જીવન સરળતાથી સમજીને જીવીએ છીએ કદાચ કોઈપણ જીવ આ પૃથ્વી ઉપર નથી જીવી શકતું. પરંતુ આપણે શું કર્યું છે આ સરળ જીવન સાથે? જટિલતાથી તેને જકડી લીધું છે, પોતાના જ માનસિક વિચારોથી. પોતાના જ અહંકારના અંધકારથી. જાતજાતની જિજીવિષા અને ઇચ્છાઓથી જીવન તો ભરી દીધું અને તે ઈચ્છાઓ પૂરી થવાનો ભાર બહારની દુનિયા ઉપર થોપી દીધો. અને માટે જ જે જીવન સરળ બની શકતું તે જટિલ બનતું ગયું. એટલું જટિલ કે હોશથી આપણે આપણાં વિચારોને, આપણી લાગણીઓને અને આપણાં કર્મોને જોઈ પણ નથી શકતા. જ્યાં જોઈ પણ શકીએ છીએ ત્યાં તો અહંકારનો દાવાનળ સાક્ષીભાવ ઉત્પન્ન જ નથી થવા દેતો. જીવનની ઈચ્છાઓ ના પૂર્ણ થતાં દરેક વ્યક્તિઓ, વસ્તુઓ છેવટે પરિસ્થિતિઓને આપણે કોસતા થાકીએ છીએ ત્યારે અંત ભાગ્ય ઉપર થતો હોય છે. છેલ્લે તો ભાગ્યને જવાબદાર ગણીને આપણે જવાબદારીમાંથી હળવાશનો અનુભવ કરતાં રહીએ છીએ. પરંતુ ત્યાં જ બેઠાં થવાનો મોકો છે. ભાગ્યને અથવા અન્યને કોસવાના સમયે જો પોતાને મધ્યબિંદુ ઉપર મૂકીને વિચારવામાં આવે તો આજનો વર્તમાન તમારાં આવનાર ભવિષ્યના ભાગ્યને બદલી શકે છે.

**૨) જે છો તેનથી વધુની આશા, નિરાશા બને અંતે ભાગ્યનો વાંક આવે.**

એક સજ્જન થોડાં સમય પહેલાં મારી પાસે આવ્યા. કાગભગ પાંત્રીસ થી ચાલીસ વચ્ચેની ઉંમર ધરાવતાં પર્યંતઉ લગ્નજીવનથી વંચિત હતા. તેમની આશા હતી કે ખૂબ જ સ્વરૂપવાન, ભાગ્યશાળી, ભણેલી-ગણેલી, કમતી પત્ની મળે. આશા કદાચ ખોટી ન હતી પરંતુ પોતાની અંદર શું લાયકાત છે તે જાણવાનો તે સજ્જન વ્યક્તિએ સમય નતો લીધો. અને છેવટે બધાંયને કોસ્યાં અને અંતે નિવેદન આપ્યું,"શું કરું ભાગ્યમાં નહીં હોય પત્ની?" ખરાં અર્થમાં જ્યારે પરમાત્મા આ દુનિયામાં આપણને મોકલે છે તે પહેલાં આપની બધી જ વ્યવસ્થા કર્યા બાદ જ મોકલે છે. અહીંયા યાદ રાખવું જરૂરી છે કે એ પરમ

પરમાત્મા ભૂખ્યો ઉઠાડે છે પર્યંતઉ ઊંઘાડતો નથી. પણ જ્યાં પોતાની લાયકાતને વિકસાવી ન શકીએ તો બિચારા ભાગ્યને કોસવાનો શું મતલબ? આપણે જે વર્તુળ આપણી અંદર વિકસાવ્યું છે તેટલું જ વર્તુળ આપણી બહારની દુનિયાનું છે. ઉદાહરણ અવરૂપે આપની શારીરિક અવસ્થા, માનસિક અવસ્થા, આર્થિક પરિસ્થિતિઓ વગેરે વગેરે.. પરંતુ પોતાને ના વિકસાવી શકવાની મજબૂરીને બહારના જગત ઉપર રખાયેલી આશા નિરાશામાં પરિણમે છે અને માટે અંત તો "ભાગ્યમાં જ નથી" તેવો થાય છે. વિચારજો આ વિષય ઉપર થોડુંક શું આપણે આપણાં ભાગ્યથી વિશેષ નથી?

**ભાગ્યથી કર્મ નથી થતાં, હે માનવી! કર્મથી તો ભાગ્ય બંધાય.**

**આપણે શું કોસતા ભાગ્યને, જ્યાં હાથે કરેલાં હૈયે બંધાય.**

**૩) કોઈનુંય ભાગ્ય નથી આતંકવાદી બનાવતું ન તો મહાત્મા.**

તમારાં વિચારો, તમારી ઇચ્છાઓથી આપનો વર્તમાન સક્રિય બને છે અને તેનું પરિણામ તમારું ભવિષ્ય હોય છે. જો વાત કઈંક બનવાની કરવામાં આવે તો તે પરમાત્મા કોઈને શા માટે આતંકવાદી બનાવે? પરંતુ તે જેતે વ્યક્તિની ઈચ્છા છે બનવા માટેની. જેતે વ્યક્તિની જિજીવિષા તે વ્યક્તિને તે જ વ્યક્તિત્વ બનવા માટે મજબૂર કરે છે, ભાગ્ય નહીં! થોડાં સમય પહેલાંની વાત જણાવું. અમેરિકામાં એક સિરિયલ કીલરને પકડવામાં આવ્યો. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે તેણે શા માટે આટલી હત્યાઓ કરી તો તેનો જવાબ હતો કે લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે. કારણ વાસ્તવમાં તે વ્યક્તિ સામાન્ય રીતે ધ્યાન આકર્ષિત કરવા માટે સક્ષમ ન હતો. અને માટે જ અપનાવેલો તેનો માર્ગ તેનો પોતાનો હતો ભાગ્યનો નહીં. આપણે પણ સામાન્ય જીવનમાં જ્યારે બીજા વ્યક્તિઓનું ધ્યાન આકર્ષવા માંગીએ છીએ ત્યારે બીમારીથી લઈને કઈંક-કઈંક પ્રકારના પેંતરા કરતાં રહીએ છીએ. અને માટે સોશિયલ મીડિયા આજે એડિક્શન બનતું જાય છે. માટે આજે અભદ્ર શબ્દોનો ઉપયોગ જાહેર સ્થળે સામાન્ય બન્યો છે. અને માટે આજકાલના નેતાઓ અભદ્ર ભાષા બોલીને બીજા વ્યક્તિઓને આકર્ષે છે. તો શું તે ભાગ્યની વાત છે કે આપણા હાથની?

**૪) ભાગ્ય આપણાં હાથથી લખાય છે બીજાના નહીં.**

તમારી પોતાની લાયકાત શોધવાની જવાબદારી આપણી પોતાની છે. પરંતુ જ્યારે જ્યારે માનવી પોતાની લાયકાતને વિકસાવી નથી શકતો અથવા વિકસાવવાનો પ્રયત્ન નથી કરતો તેટલી બધી જ વખતે પોતાનું ભાગ્ય બીજી વ્યક્તિના હાથમાં સોંપે છે. ઉદાહરણ સ્વરૂપે આજકાલ માત્ર પૈસા માટે કરવામાં આવતી કોઈપણ નોકરીની ગુલામી. થોડીક મહેનત અને જોખમ ન લેવાની માનસિક બીમારીથી પીડાતા વ્યક્તિઓ પોતાની લાયકાતને ભૂલી બીજાના ગુલામ બને છે. અને માટે જ દુ:ખી થાય છે પછી  અંતે તો  ભાગ્યને અને બીજાને કોસે છે. પરંતુ જ્યારે પોતાને ખરાં અર્થમાં પામો છો કે "આપ કોણ છો?" ત્યારે આપણું પોતાનું ભાગ્ય આપ જાતે જ લખો છો. ત્યારે સફળતા અને આનંદ માત્ર

શાબ્દિક નથી રહેતાં પરંતુ અસલ જીવનના પર્યાય બની જાય છે. આ દુનિયામાં ઘણાંય વ્યક્તિઓ પોતાની લાયકાતથી પોતાનું જીવન અને ભાગ્ય બનાવ્યું છે. માનસિક અવરોધોને તોડીને માત્ર સંકલ્પશક્તિથી પોતાના ભાગ્યને બનાવનાર વ્યક્તિઓના નામ આંગળીના વેઢે છે. પોતાના જીવનનો અધ્યાય આપણે જાતે લખવા માટે સક્ષમ છીએ અને એટલે આપણે આપણાં ભાગ્યથી વિશેષ છીએ. શું આપ માનો છો કે આપ પોતાના ભાગ્યથી વધુ છો? ચોક્કસથી ઉત્તર આપજો.

નમસ્કાર.